# "गांगेयभंग प्रकरण–सस्तबक" नामे कृतिना कर्ता विषे ऊहापोह

– शीलचन्द्रविजय गणि

जैन आगमग्रंथ श्री विवाहप्रज्ञप्ति(भगवती) सूत्रना नवमा शतकना ३२मा उद्देशमां श्री पार्श्वनाथ–परम्पराना गांगेय ऋषिए भगवान महावीरने पूछेला भङ्गप्रश्नो तथा तेना उत्तरोनुं विशद स्वरूप वर्णवेलुं छे. आ विषय भङ्गजालमय होवाथी अभ्यासीओने तेनो बोध सुलभ बने ते हेतुथी विविध नानां प्रकरणो रचायां छे, जेमांनुं एक श्री विजयगणिए रचेलुं "अवचूरियुक्त गाङ्गेय भङ्ग प्रकरण" ई.स.१९१६ मां भावनगरथी प्रकाशित छे. ताजेतरमां विख्यात जैन मनीषी उपाध्याय श्रीयशोविजयजीए रचेलुं "गांगेयभंग प्रकरण" मळयुं छे. आ प्रकरणमां ३५ गाथा छे. आ प्रकरणनी प्रथम गाथामां 'पुव्वप्पगरणसेसं' –पदथी समजाय छे के पूर्वे पण कर्ताए आ विषयनुं कोई प्रकरण रच्युं हशे, जेमां नहि कहेलो शेष विचार प्रस्तुत प्रकरणमां गूंथ्यो छे. ३५मी – अन्तिम गाथा जोतां "श्रीनयविजयगुरुना शिष्य सुयश(यशो)–विजये" आ प्रकरण रच्युं छे ते स्पष्ट छे.

आ प्रकरणनो 'टबो' पण मळेल छे. टबानी विविध प्रतिओ, जे लगभग १९/२०मा शतकमां ज लखाई होवानुं तेनी लखावट उपरथी कल्पी शकाय तेम छे, तेमां टबाना रचनार के लखनार विशे कोई निर्देश प्राप्त थतो नथी. टबानो प्रारंभ आम थाय छे :–

श्रीमत् शान्तिजिनाधीशं नत्वा वीरस्य वार्तिकम् ।
पृष्टं बालोपकाराय गंगेयाख्येन बुद्धि ना॥ १ ॥
किञ्चिन्मद्धी प्रमाणेन श्रुतधर्मानुसारतः ।
कुर्वे स्वोपज्ञगाथाया यन्त्रयुक्तं पुनस्तथा ॥ २ ॥

आ उपरथी मूल गाथाकार पोते ज टबाकार होय तेवुं मानवानुं उचित लागे छे. टबा–सहित आ प्रकरणनी मारी समक्ष पडेली ५ प्रतिओमां जनामां जूनी प्रति संवत १८५०नी छे. तेमां ३५मी गाथानो टबार्थ आ प्रमाणे छे : " शोभावंत महत् बुद्धि॥नधान पं. श्री नयविजयगुरुना शिष्य महोपाध्याय श्री श्री जसविजयजी नैयायिकशिरोमणीइं तेणे आ प्रकरण शास्त्रप्रमाणे रच्युं तीक्ष्ण मतिवंत प्राणीनें मन रूप मर्कट चपल छें ते वश्य आणवानें माटें ३५ इति गंगेयकृतपृच्छाप्रकरणार्थः ॥ सं. १८५० । पं. श्री १०८ पं. गुरुजी साहबजी पं. शुभ विजयजी शिष्य मुं. वीरविजयेन लि. मागशिर सुदी १० दीने निर्जार्थे खंभातबिंदरे॥"

आ विवरण टबाना प्रणेता कोण छे ते नक्की करवामां कोई रीते पण स्पष्ट मार्गदर्शन करतुं नथी. मात्र "पं. वीरविजयजी ('शुभवीर' तरीके जाणीता कवि–साधु)ए आ टबार्थ–युक्त प्रकरण लख्युं छे " एटलुं ज आथी समजी शकाय छे. अने अन्य ४ प्रतिओ पैकी ३ पु



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रतिओ मळी छे तेमां लेखक तथा संवतने बाद करतां उपर प्रमाणे ज अन्तिम लखाण जोवा मळे छे.

हवे महत्त्वनी पण विचित्र लागे तेवी वात ए छे के आज प्रकरणनी टबारहित मूलगाथा – मात्रनी प्रतिओ पण पांचेक मळी आवी छे. ए तमाम प्रतिओमां ४१ गाथाओ छे, ए तो ठीक, परंतु तेनी छेल्ली – ४१ मी गाथामां आ प्रकरणना प्रणेता श्रीउत्तमविजयना शिष्य श्रीपद्मविजयजी छे तेवो स्पष्ट उल्लेख छे. ते गाथा आ प्रमाणे छे :–

**सिरिउत्तमविजयाणं सीसो नामेण पउमविजओ त्ति ।**
**तेण पगरण रइयं मणमक्कड वस्समाणेउं ॥ ४१ ॥**

मूलमात्र पाठनी प्रतिओमां, टबावाळी प्रतिओ करतां जे ६ गाथा अधिक छे, ते आ प्रमाणे छे :– ३५ गाथावाळी वाचनागत – गाथा २७ पछी –

**जइसंखा जीवाणं भंगा काउं मणंमि इच्छिज्जा ।**
**तत्तो इक्केक्कहिया–रासीछक्कं ठवेयव्वं ॥ २८**
**तस्साहो दुगमाई छगपज्जंता धुवा य पण अंका ।**
**उवरिअहोसमअंका फुसियव्वा नियमओ ते उ ॥ २९**
**पच्छा धुवअंकेहिं दिज्जइ भागो य जस्स अंकस्स ।**
**तट्ठाणे जं लद्धं तं अंकं ठवसु नियमेणं ॥ ३०**
**पच्छा गुणसु परुप्पर–सेस धुवंकेण भाइयं संतं ।**
**जं लब्भइ तस्संखा भंगपमाणं मुणेयव्वं ॥ ३१**
**अह जइ सेसधुवंको नत्थि तओ जं परुप्परं गुणणे ।**
**लद्धं तं चिय माणं इच्छियजीवाण विन्नेयं ॥ ३२**

आटली (५) गाथा अधिक छे; तथा ३५ मांनी ३८मी गाथा पछी –

**सिरिपुज्जोदयसायरसूरिणा गुणवया य बुद्धिमया ।**
**काऊण सुहियं तेण विसोहियं गणियनाणेण ॥४०**

आम समग्र रीते जोतां आ कृतिना कर्ता कोण ? ते प्रश्न आपणी सामे उपस्थित थाय छे. मजानी वात ए छे के जुदा जुदा भंडारोनी ५ मूळ पाठ धरावती अने ५ टबायुक्त पाठ धरावती कुल १० प्रतिओ भेगी करी छे; तेमां मूळ पाठवाळी बधी प्रतिओ ४१ गाथानो पाठ आपे छे, जे पद्मविजयजी–रचित छे. ज्यारे टबावाळी बधी प्रतिओ ३५ गाथानो पाठ आपे छे, जे यशोविजयजी–कृत छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बीजी वात, उपर जणावेली, ४१ गाथावाळी प्रतिओमांनी ५ + १ = ६ गाथाओने बाद करतां शेष ३५ गाथाओनो पाठ तथा क्रम टबावाळी अने टबा विनानी – एम दसे प्रतिओमां समान छे. आथी सहज ज प्रश्न थाय के आ प्रकरणनो खरो कर्ता कोण ?

आ विषे ऊहापोह करतां केटलाक विचारणीय मुद्दा उद्‌भवे छे :

१. यशोविजयजीनी रचना होय, ने बीजा कर्ताए ते पोताना नामे चडावी होय.

२. अथवा एवुं य बने के पद्मविजयजीनी रचना होय अने तेने तेमना प्रत्ये अरुचि धरावता कोईए यशोविजयजीना नामे चडावी दीधी होय.

३. अथवा तो खुद पद्मविजयजीए ज कोई कारणसर पोतानी रचनाने यशोविजयजीनुं नाम आपी दीधुं होय.

आ त्रणमां बीजी अटकळ तथ्यथी वधु नजीक होय तेवुं अनुमान आ संपादकना मनमां छे. जो के वीरविजयजीनो टबो छे, अने तेओ पण आ कृति यशोविजयजीनी होवानुं जणावे छे; तो पण, संवत १८५० मां तो वीरविजयजीनो दीक्षाकाल हजी मांड बे वर्षनो ज होवानुं (दीक्षा सं. १८४८ मां थई)अर्थात् ते समये तेमनो अध्ययनकाल के आरंभकाल होवानुं तेमना विशे प्राप्त ऐतिहासिक साधनोथी ज्ञात छे, एटले तेमणे पोते पोतानी सामेनी पूर्व–प्रतिनुं ज मात्र अनुसरण कर्युं होय तेम विचारवुं वधु योग्य जणाय छे.

पू. यशोविजयजीनी प्राप्त अने ज्ञात ग्रन्थ रचनाओनी अद्यतन सूचिओमां आ प्रकरणनो क्यांय निर्देश नथी. आ प्रकरणनी प्रथम गाथामां निर्देश्या प्रमाणेनी आज विषयनी पूर्वरचना पण मळी – मलती नथी. वळी, आजे जे प्रतिओ आ प्रकरणनी मळी छे ते तमाम १९–२०मा शतकनी ज छे; अने १७–१८मानी एक पण प्रति हजी प्राप्त थई नथी.

वळी, आ रचनामां उपाध्याय यशोविजयजीनी उद्‌भर विद्वत्तानो एकाद पण उन्मेष जोवा नथी मळतो. 'एमनी आ आरंभिक रचना होई शके' – एवुं मनना संतोष खातर विचारीए, तो पण, तेमां बहु वजूद नहि आवे. केम के प्रकरणना टबाना मंगलाचरण परथी मूळकार अने टबाकार एक ज होवानुं सिद्ध थाय छे, अने ए मंगलाचरणना बे श्लोकोनुं संविधान अने शब्दो जोतां ज 'आ यशोविजयजीनुं न ज होय' एम कोई पण अभ्यासी तत्क्षण कह्या विना नहि ज रहे.

बधी वातोनो सार एटलो ज के यशोविजयजीना नामे मळी आवती प्रस्तुत कृति,वस्तुतः पद्मविजयजीकृत होवी जोईए, के जे पोतानी कृति पद्मविजयजीए श्रीपूज्य उदयसागरसूरि पासे संशोधित पण करावी छे. आम छतां आ कृतिनी प्रतिओ 'यशोविजयजीनी रचना' तरीके मळे छे, ते पद्मविजयजी प्रत्ये कोईनी अभक्ति के पछी यशोविजयजी प्रत्येनी कोईनी अतिभक्तिनुं ज परिणाम जणाय छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## उपाध्याय श्रीयशोविजय कृत (?)
## गांगेय-भङ्ग-प्रकरणम् ॥

नमिऊण महावीरं गंगेयसुपुट्ठभंगपरिमाणं ।
पुव्वप्पगरणसेसं वुच्छं सुगुरूवएसेणं ॥१

वाणियगामे नयरे भयवं वीरो समोसढो नाणी ।
पासावच्चिज्जो अह गंगेओ आगओ तत्थ ॥२

तस्सासंका जाया एसो किमु अत्थि इंदजालुत्ति ।
पसिणाइं महत्थाइं पडिपुच्छइ हेउणा तेण ॥ ३

पुच्छा-उत्तर सयलं नायव्वं पंचमंग-नवमसया ।
इह उण संखेवत्थो भणामि निच्चं ससरणट्ठा ॥४

एगम्मि उ नरगम्मि भंगा सग हुंति जइ असंखेज्जो ।
इगवीसा दुग निरए पणतीसा तिन्नि नरगम्मि ॥५

चउसु वि पणतीसाओ पंचसु इगवीस भंगसंखाओ ।
छग नरगे सग भंगा सत्तसु पुढवीसु एगो अ ॥६

जे एगम्मि उ नरए सग भंगा छग्गुणा बियालीसं ।
दुग निरयाओ दुभागे हवंति हरिया हु इगवीसा ॥७

एगूणा उण किज्जइ निरयपमाणेण दिज्जई भागो ।
इगवीसा पणगुणिया जायइ पंचुत्तरसयं च ॥८

ते य तिभागे हरिया हुंति पणतीस तिन्नि नरगम्मि ।
चत्तसयं चउभागे हरिया पणतीसभंगाओ ॥९

तिगुणा पंचुत्तरसय-भंगा इगवीस पंचभागम्मि ।
बायालीसं दुगुणा छग भागे सत्त भंगा य ॥१०

अह उण विगप्पमाणं एगविगप्पो अ दुन्नि जीवाणं ।
तिग जीवाणं दुजोगा दुन्नि तिगजोग एगेव ॥११



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउजीवाण दुजोगा तिन्नि अ तिग जोग तह य तिन्नेव ।
चउ जोगो एगेव य अह पणजीवाण सुणसु कमा ॥१२

दु ति चउं पंच य जोगा चउ छ च्चउ एग अह छ जीवाणं ।
दु ति चउ पंच छ जोगा पण दस दस पणेग नेयं च ॥१३

छ पण दस वीस पण दस छेगदुगाइ संगत सत्तण्हं ।
अट्ठण्हं जीवाणं दुगाइ अट्ठंतसंजोगा ॥१४

सग इगविस पणतीसा पणतीसिगवीस सत्त एगो अ ।
नव जीवाण दुगाई-नवंत संयोग कायव्वा ॥१५

अट्ठट्ठवीस छप्पन्न सयरी छप्पन्न अटठ वीसट्ठी ।
एगविगप्पो एसिं अह दह जीयाण संजोगा ॥१६

नव छत्तीसय चुलसी छव्वीसुत्तरसयं च पण जोगा ।
पुण छव्वीसुत्तरसय चुलसी छत्तीस नव एगो ॥१७

इच्चाई य विगप्पा जीवपमाणेन अक्ख चालणया ।
कायव्वा पुण एसिं सुणसु उवायं समग्गाणं ॥१८

जइसंखा हुंति जीया दुगसंजोगा हवंति एगूणा ।
संजोगतिगाईणं तिगाईरासी उ वेयव्वा ॥ १९

पुव्वविगप्पा पढमंक गुणा य काऊण सेसअंकाणं ।
भाइज्जइ जं लब्भइ मुणसु पमाणं तिगाईणं ॥२०

जह पणजीवाणं इह दुगसंजोगा हवंति चत्तारि ।
तिगसंजोगाणं पुण ठविज्ज रासी वि तिन्नेव ॥२१

तिन्नि य एगो एगो दुग जोगा पढम अंक गुणियव्वा ।
बारस सेस दुभत्ता तिग जोगा हुंति छच्चेव ॥२२

भंगा य पइविगप्पे पुव्वुत्ता नरगभंग गुणियव्वा ।
अह पुण सव्वविगप्पा जीवाणं हुंति ते भणिमो ॥२३



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिगजीयाण विगप्पा दुगुणे गहिया चउण्हजीवाणं ।
ते पुण दुगुणे गहिया पंचजियाणं मुणेयव्वा ।। २४

एवं कमेण सव्वत्थ अह भंगा सव्व जीयरासीणं ।
एगेगहिया किज्जइ संखामाणं विभत्ताओ ।।२५

सग पढमपुढविभंगा अट्ठगुणा ते वि जीवपविभत्ता ।
अट्ठावीसं भंगा दुगजीवाणं विआणाहि ।।२६

ते वि अ नवगुणिआओ एवं इक्किक्किरूववुड्ढीए ।
जीवपमाणविभत्ता संखा (वि) बुहेहिं नायव्वा ।।२७

पुव्वसूरीहिं नट्ठु–दिट्ठपत्थारभासिओ नेओ ।
वित्थरओ पुण सुत्ता नायव्वो सुहुमदिट्ठीहिं ।।२८

गंगेओ अह सुच्चा भयवं वीराओ भंगजालमिणं ।
भयवं–उवरिं जाओ सव्वन्नूपच्चओ तस्स ।।२९

वंदइ नमंसइ अह आयर–बहुमाण–भत्तिपुव्वं च ।
गंगेओ संजाओ सामिओ गुत्तो विसेसेणं ।।३०

चउजामाओ धम्मा पडिवज्जइ पंचजामधम्मं च ।
नाण–किरियाहिं जुत्तो विहरइ निच्चं गुरुसगासे ।।३१

जस्सट्ठाए कीरइ सुनग्गभावो य मुंडभावो अ ।
आराहिओ तमट्ठो सिद्धोपरिनिव्वुडो बुद्धो ।।३२

धन्नो सो गंगेओ जेणेवं वीर–जगगुरू पुट्ठो ।
धन्ना ते च्चिय पुरिसा दिट्ठो पहु वागरंतस्स ।।३३

धन्ना चिय मह जीहा तिलोकनाहो हु वीरपहु थुणिओ ।
धन्ना गुरूण बुद्धि अत्थो जेणेस परिकहिओ ।।३४

सिरिनयविजयगुरूणं सीसो नामेण सुजसविजओत्ति ।
तेण प्पगरण रइयं मणमक्कड वस्समाणेडं ।।३५



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org